


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 088
Dt.: 02-02-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### ઈનકમ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નહીં

# નાણામંત્રી નિર્ણલા સીતારમણે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ રજૂ કર્યું

## આ બજેટ કૂલ ૫૩ લાખ કરોડ રૂપિયાથી વધુનું છેઃ આ બજેટમાં મીડલ ક્લાસ માટે નિરાશાજનક રહ્યું છેઃ F&Oમાં ટ્રાન્જેક્શન ચાર્જ વધારી દેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે રવિવારે દેશનું બજેટ રજૂ કર્યું હતું. આ બજેટ કૂલ ૫૩ લાખ કરોડ રૂપિયાથી વધુનું છે. આ બજેટમાં મીડલ ક્લાસ માટે નિરાશાજનક રહ્યું છે. આ વર્ષે બજેટમાં ઈનકમ ટેક્સ સ્લેબમાં ફેરફારની અને ટેક્સમાં વધુ છૂટની લોકોને આશા હતી, પરંતુ તે પૂરી થઈ નથી. ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરાયો નથી. એટલે કે નવા ઈનકમ ટેક્સ માળખા અંતર્ગત ૧૨ લાખ રૂપિયાની વાર્ષિક આવક પર જે ટેક્સ છૂટ મળે છે, તેમાં કોઈ વધુ રાહત નથી અપાઈ. તેમજ ટેક્સ ફાઈલ કરતી વખતે ખોટી માહિતી આપનારાને ટેક્સની રકમ જેટલો જ દંડ કરવાનો પ્રસ્તાવ આ બજેટમાં મૂકવામાં આવ્યો છે.

નવી ટેક્સ સિસ્ટમમાં **PPF, NPS** અને **ELSS** જેવી યોજનાઓ પર રોકાણ પર ટેક્સમાં છૂટ મળવાની આશા હતી, પરંતુ એ આશા પણ ઠગારી સાબિત થઈ છે. આ ઉપરાંત ખેડૂતોને પણ બજેટમાં નિરાશા હાથ લાગી છે. પીએમ કિસાન યોજનાનું બજેટ વધવાની આશા હતી, પરંતુ તેમાં કોઈ વધારો કરાયો નથી. બજેટમાં માત્ર રેલ કોરિડોરની જ જાહેરાત કરાઈ છે, પરંતુ સીનિયર સિટીઝન માટે કોઈ મોટી જાહેરાતની આશા હતી, તેવું થયું નથી.

આ બજેટે શેરબજારનો મોટો ઝટકો આપ્યો છે. **F&O** ટ્રેડર્સ માટે ટ્રાન્જેક્શન ચાર્જ વધારી દેવાયો છે. જ્યારે લોંગટર્મ કેપિટલ ઘેન ટેક્સ અને શોર્ટ ટર્મ કેપિટલ ગેન ટેક્સમાં કોઈ ફેરફાર નથી કરાયો, જેને લઈને માર્કેટમાં મોટો કડાકો બોલી ગયો હતો.

બજેટમાં ભારતમાં બનતી વસ્તુઓ પર કસ્ટડ ડ્યૂટી ઘટાડવાની વાત કરાઈ છે. લેધર, ટેક્સટાઈલનું એક્સપોર્ટ પણ હવે ડ્યૂટી ફ્રી થશે. તેના પર કસ્ટમ ડ્યૂટી ઘટાડાશે. ડિફેન્સ સેક્ટરમાં બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં છૂટ અપાશે. તેમાં વ્યક્તિગત ઉપયોગ માટે આયાત કરાતી વસ્તુઓ પર લાગતા ટેરિફને ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવાની જાહેરાત કરાઈ છે.

બજેટ ૨૦૨૬માં ઈન્ડિયા સેમીકન્ડક્ટર મિશન ૨.૦ની જાહેરાત કરાઈ છે. આ મિશન માટે બજેટમાં ૪૦,૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. ઈન્ડિયા સેમીકન્ડક્ટર મિશન ૨.૦ ચીન અને વિયેતનામ જેવા દેશોની સરખામણીએ ભારતને એક ચિપ બનાવનારા હબ તરીકે સ્થાપિત કરશે.



આ બજેટમાં વિદેશમાં સ્ટડી માટે જનારા સ્ટૂડન્ટ્સ માટે મોટી જાહેરાત કરાઈ છે. બજેટમાં લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ **(LRS)** અંતર્ગત એજ્યુકેશન પર ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ **(TCS)**ને ૫ ટકાથી ઘટાડીને ૨ ટકા કરવાની જાહેરાત કરી છે. તેનાથી વિદેશમાં પૈસા મોકલતા પરિવારો માટે શરૂઆતનો ખર્ચ ઓછો થઈ જશે, કેમકે એજ્યુકેશન લોન પર કોઈ **TCS** નથી લાગતો. ટેક્સ લાગ્યા પહેલા અન્ય રેમિટન્સ પર ૧૦ લાખની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું બજેટ રજૂ કરીને દેશની આર્થિક દિશા સ્પષ્ટ કરી છે. આ તેમનું સતત નવમું બજેટ ભાષણ છે અને લગભગ એક દાયકામાં પહેલીવાર રવિવારે સંસદમાં બજેટ રજૂ થયું છે. પોતાના લાંબા બજેટ ભાષણ દરમિયાન નાણામંત્રીએ ટેક્સ, વિકાસ, ઉત્પાદન, રોકાણ અને ભારતની વૈશ્વિક ભૂમિકાને કેન્દ્રમાં રાખીને અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. ખાસ કરીને સરકાર દ્વારા અનેક વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી ઘટાડવાની જાહેરાત થતાં સામાન્ય જનતાને મોંઘવારીમાંથી રાહત મળવાની આશા છે. બજેટ ભાષણનું વિશ્લેષણ કરીએ તો તેમાં સૌથી વધુ વખત ઉપયોગમાં લેવાયેલા શબ્દો સરકારની પ્રાથમિકતાઓને સ્પષ્ટ રીતે દર્શાવે છે. ઉપર આપેલા ગ્રાફિક મુજબ આજે રજૂ કરાયેલા બજેટમાં **“India”** શબ્દ ૫૮ વખત બોલાયો છે, જે દર્શાવે છે કે આ બજેટનું કેન્દ્રબિંદુ ‘ભારત’ અને દેશની સમૂહ પ્રગતિ છે. ત્યારબાદ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા બજેટ ભાષણ દરમિયાન **“Tax”** શબ્દ ૫૫ વખત બોલવામાં આવ્યા છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે કર પ્રણાલી, કરદાતાઓ અને ટેક્સ સુધારા બજેટના મુખ્ય મુદ્દા રહ્યા છે.

સરકારે કેન્સરના દર્દીઓને મોટી આર્થિક રાહત આપતા ૧૭ જીવનરક્ષક કેન્સર દવાઓ પરની બેઝિક કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે હટાવી દીધી છે. આ નિર્ણયથી કેન્સરના દર્દીઓ માટે મોંઘી દવાઓ સસ્તી બનશે. આ ઉપરાંત, અન્ય સાત દુર્લભ રોગોની દવાઓ પર પણ આયાત ડ્યુટી માફ કરવામાં આવી છે, જેનાથી મોંઘી સારવાર સામાન્ય લોકો માટે સસ્તી અને સુલભ બનશે.

ભારતને વિશ્વનું નંબર વન ફાર્માસ્યુટિકલ હબ બનાવવાના લક્ષ્ય સાથે રૂ.૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે બાયો-ફાર્મા શક્તિ યોજનાની જાહેરાત કરાઈ છે. જેનો ઉદ્દેશ્ય કેન્સર અને ડાયાબિટીસ જેવી જૈવિક દવાઓનું સ્થાનિક ઉત્પાદન વધારવાનો છે. દેશભરમાં ૧૦,૦૦૦ નવી ક્લિનિકલ ટ્રાયલ સાઈટ્સ બનાવવામાં આવશે. બાયો-ફાર્મા ક્ષેત્રમાં ૩ નવી રાષ્ટ્રીય સંસ્થાઓ સ્થપાશે અને હયાત ૭ સંસ્થાઓને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરાશે.

આગામી પાંચ વર્ષમાં આરોગ્ય ક્ષેત્રે કૌશલ્ય વિકાસ દ્વારા લાખો નોકરીઓ ઊભી કરવામાં આવશે. ૧,૦૦,૦૦૦ સહાયક આરોગ્ય કાર્યકરો **(AHP)** ને વિશેષ તાલીમ આપવામાં આવશે. ૧,૫૦,૦૦૦ કેર-ગિવર્સ (સંભાળ રાખનારા) તૈયાર કરવામાં આવશે, જે મુખ્યત્વે વૃદ્ધોની સારસંભાળ કરશે. રેડિયોલોજી અને એનેસ્થેસિયા જેવા વિશિષ્ટ વિષયોના શિક્ષણ અને સંસ્થાઓમાં સુધારો કરવામાં આવશે.

દેશમાં મેડિકલ ટુરિઝમને વેગ આપવા માટે ખાનગી ક્ષેત્રના સહયોગથી ૫ મુખ્ય મેડિકલ હબ સ્થાપવામાં આવશે. આ હેલ્થકેર સંકુલમાં આયુષ કેન્દ્રો, ડાયગ્નોસ્ટિક સેન્ટર્સ (તપાસ કેન્દ્રો) અને સારવાર બાદની સારસંભાળ (રિહેબિલિટેશન) જેવી તમામ સુવિધાઓ એક જ છત નીચે મળશે. આ હેલ્થકેર ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે રોજગારીની નવી તકો ઊભી કરશે. દેશમાં ૩ નવી અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાઓ સ્થાપવામાં આવશે. જામનગરમાં આવેલા **WHO** ગ્લોબલ સેન્ટરને વધુ મજબૂત બનાવી આયુર્વેદિક ઉત્પાદનોની નિકાસ વધારવામાં આવશે. વિશ્વસ્તરે યોગ અને આયુર્વેદની સ્વીકૃતિ વધારવા પર વિશેષ ભાર મુકાશે. ઉત્તર ભારતમાં એક નવી રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય સંસ્થાની સ્થાપના થશે. ડિજિટલ પ્રોફેશનલ્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સના માનસિક સ્વાસ્થ્ય માટે વિશેષ કાર્યક્રમો ચલાવવામાં આવશે. જિલ્લા હોસ્પિટલોમાં ઈમરજન્સી અને ટ્રોમા કેરની ક્ષમતામાં ૫૦% વધારો કરવામાં આવશે. રાંચી અને તેજપુરની આરોગ્ય સંસ્થાઓને અપગ્રેડ કરવામાં આવશે અને કૃત્રિમ અંગોના ઉત્પાદન માટે વિશેષ સહાય અપાશે.

## વર્તમાન બજેટમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર ભાર મૂકવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નાણામંત્રી નિર્મલા સિતારમણે ભારતના ઘરેલૂ ઈલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે બજેટ ૨૦૨૬-૨૭માં ઈલેક્ટ્રોનિક કમ્પોનેન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમનું બજેટ વધારીને ૪૦,૦૦૦ કરોડ રૂપિયા કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. આ વધેલા બજેટ દ્વારા ભારત સરકારનો ઉદ્દેશ ઈલેક્ટ્રોનિક કમ્પોનેન્ટ્સના લોકલ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવું, ઈમ્પોર્ટ પર નિર્ભરતા ઓછી કરવી અને સરકારના મેક ઈન ઈન્ડિયા અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ **(PLI)** લક્ષ્યને સપોર્ટ કરવાનો છે. એક્સપર્ટ્સના પ્રમાણે, વર્તમાન બજેટમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર ભાર મૂકવામાં આવ્યો છે, જે અમેરિકા સાથે ટ્રેડ ટેન્શનના કારણે ભારતની સામે આવનારા આર્થિક પડકારોને જોતા બહુ જરૂરી છે. આ ઉપરાંત તેમનું કહેવું છે કે, રેર અર્થ અને સેમીકન્ડક્ટર જેવા સ્ટ્રેટેજિક સેક્ટર્સમાં સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવા પર ભાર મૂકવો એક શાનદાર પગલું છે. સરકારે કારોબારી વર્ષ ૨૦૧૭ માટે પોતાનું કેપિટલ એક્સપેન્ડિચર ૧૨.૨ લાખ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે, જે કારોબારી વર્ષ ૨૦૨૬માં ખર્ચ કરવામાં આવેલા લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયાના કેપેક્સથી ૨૨ ટકા વધારે છે.

## બજેટમાં ૭ નવા હાઈ સ્પીડ રેલવે કોરિડોર બનાવવાની જાહેરાતઃ યાત્રીકો માટે મોટી રાહત સાબિત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નાણામંત્રી નિર્મલા સિતારમણે દેશના રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે ૭ નવા હાઈ સ્પીડ રેલવે કોરિડોરની જાહેરાત કરી છે. આ પહેલનો ઉદ્દેશ મુખ્ય મહાનગો અને આર્થિક કેન્દ્રોને ઝડપી, સુરક્ષિત અને આધુનિક રેલ નેટવર્થને જોડવાનો છે, જેનાથી યાત્રા સમય ઘટશે અને ક્ષેત્રીય વિકાસને પ્રોત્સાહન મળશે. નાણામંત્રીની જાહેરાતના પ્રમાણે, મુંબઈ-પુણેની વચ્ચે હાઈ-સ્પીડ રેલવે કોરિડોર બનાવવામાં આવશે. જે બંને શહેરોની વચ્ચે રોજ અવર-જવર કરતા યાત્રીકો માટે મોટી રાહત સાબિત થશે. આ ઉપરાંત ઉત્તર ભારતમાં દિલ્હી-વારાણસી હાઈ સ્પીડ રેલવે કોરિડોરનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે, જેનાથી રાજધાની અને પૂર્વી ઉત્તર પ્રદેશની વચ્ચે કનેક્ટિવિટી મજબૂત થશે.

સરકારનું કહેવું છે કે, મોટા શહેરોની વચ્ચે હાઈ-સ્પીડ રેલ નેટવર્કથી ન માત્ર યાત્રી સુવિધાઓ યોગ્ય થશે, પરંતુ વેપાર, પ્રવાસન અને રોજગારની તક પણ વધશે. આ પગલું લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા અને આર્થિક ગતિવિધિઓને ગતિ આપવામાં મદદ કરશે.

## શિક્ષણ માટે વિદેશ ગયેલા વિદ્યાર્થીઓ માટે ગુડ ન્યૂઝ! : પૈસા મોકલવા પર લાગતાં ટેક્સમાં ઘટાડો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૬ રજૂ કરતી વખતે એક મોટી જાહેરાત કરી. તેમણે વિદેશમાં અભ્યાસ પરના ટેક્સમાં રાહત આપી. શિક્ષણ અને આરોગ્ય પરનો **TCS** ૫ ટકાથી ઘટાડીને ૨ ટકા કરવામાં આવ્યો છે, જેનાથી માતા-પિતાના હજારો રૂપિયાની બચત થાય છે. આ ટેક્સ ૧૦ લાખ રૂપિયાથી વધુ મોકલવા પર લાદવામાં આવે છે. વધુમાં તબીબી ખર્ચ પરનો **TCS** પણ ૫ ટકાથી ઘટાડીને ૨ ટકા કરવામાં આવ્યો છે, જેનો અર્થ છે કે વિદેશમાં સારવાર થોડી સસ્તી થશે.

૧૦ લાખ રૂપિયાથી વધુ ફી પર ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ **(TCS)** વસૂલવામાં આવે છે. અગાઉ ૧૦ લાખ રૂપિયાથી વધુ ફી પર ૫ ટકા **TCS** વસૂલવામાં આવતો હતો, જે હવે ઘટાડી દેવામાં આવ્યો છે. અગાઉ ૨૦ લાખ રૂપિયા પર ૧ લાખ રૂપિયાનો ટેક્સ ઘટાડીને માત્ર ૪૦ હજાર રૂપિયા કરવામાં આવ્યો. આનો અર્થ એ થાય કે ૬૦ હજાર રૂપિયાની સીધી બચત થાય છે. આ માટે પાન કાર્ડ જરૂરી છે; પાન કાર્ડ વિના, ટેક્સની રકમ બમણી થઈ શકે છે. એકંદરે, તબીબી સારવાર અથવા શિક્ષણ માટે વિદેશમાં નાણાં મોકલવાનું હવે સરળ બનશે. નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, ’હું લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ **(LRS)** હેઠળ શિક્ષણ અને તબીબી હેતુઓ માટે **TCS** દર ૫ ટકાથી ઘટાડીને ૨ ટકા કરવાનો પ્રસ્તાવ મૂકું છું.’ દેશના અર્થતંત્ર અંગે નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, ’૨૦૨૬-૨૭માં સરેરાશ દેવા-થી-**GDP** ગુણોત્તર **GDP**ના ૫૫.૬ ટકા રહેવાનો અંદાજ છે, જે પાછલા નાણાકીય વર્ષ, ૨૦૨૫-૨૬માં ૫૬.૧ ટકા હતો. રાજકોષીય ખાધ **GDP**ના ૪.૩ ટકા રહેશે, જે ૨૦૨૫-૨૬માં ૪.૪ ટકા હતી.

૨૦૨૬-૨૭માં દેવા સિવાયની આવક ૩૬.૫ લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે.


વિદેશ યાત્રા ખર્ચ પરના કર અને કસ્ટમ્સ **(TCS)**માં ઘટાડો કરવામાં આવ્યો છે, જેનાથી પ્રવાસના શોખીનોને થોડી રાહત મળી છે. આનાથી તેઓ વધુ સસ્તા દરે મુસાફરી કરી શકશે. અગાઉ રજાઓ અને મુસાફરી પેકેજો બુક કરાવતા લોકોએ આ કર ચૂકવવો પડતો હતો. વધુમાં નાણામંત્રીએ જાહેરાત કરી કે નાના વ્યવસાયો, આઉટસોર્સિંગ એજન્સીઓ અને ફ્રીલાન્સર્સ માટે કર નિયમો સરળ બનાવવામાં આવશે.

## ડોનાલ્ડ ટ્રમ્પે કરી મોટી જાહેરાતઃ ઈરાન નહીં વેનેઝુએલાથી હવે તેલ ખરીદશે ભારત

### વૈશ્વિક ઉર્જા વ્યાપારમાં ફેરફાર, પ્રતિબંધો અને ટેરિફ દબાવની વચ્ચે ભારત સસ્તા અને વૈકલ્પિક તેલ સ્ત્રોત શોધી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેલને લઈને ફરી નિવેદન આપ્યું છે. આ વચ્ચે ટ્રમ્પે દાવો કર્યો કે ભારત હવે ઈરાન પાસેથી તેલ ખરીદવાની જગ્યાએ વેનેઝુએલા પાસેથી કાચુ તેલ ખરીદશે. ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકાએ આ વિશે પહેલાની જેમ ડીલનો કોન્સેપ્ટ તૈયાર કર્યો છે. અમેરિકાએ ઈરાન પર ઘણા પ્રતિબંધ લગાવી રાખ્યા છે. તેના કારણે ભારત લાંબા સમયથી ઈરાનમાંથી મોટી માત્રામાં તેલ ખરીદી રહ્યું નથી. બીજીતરફ હકીકત તે પણ છે કે પ્રતિબંધ લાગતા પહેલા ઈરાન ભારત માટે કાચા તેલના સૌથી મોટા સપ્લાયરમાંથી એક હતો.



ભારત અત્યાર સુધી પોતાની જરૂરિયાતનો મોટો હિસ્સો ઈરાનથી ખરીદતો હતો. તેની પાછળ ઘણા કારણો છે. કારણ કે ત્યાં તેલ સસ્તું અને ભારતની રિફાઈનરી સિસ્ટમને અનુકૂળ હતું. રોયટર્સના રિપોર્ટ પ્રમાણે ડોનાલ્ડ ટ્રમ્પે તેલ ખરીદીની આ વાત શનિવારે કહી છે. તેઓ વોશિંગટન ડીસીથી ફ્લોરિડા જવા સમયે એરફોર્સ વન વિમાનમાં પત્રકારો સાથે વાત કરી રહ્યાં હતા. ટ્રમ્પે કહ્યું કે ચીન પણ તેલને લઈને અમેરિકા સાથે ડીલ કરી શકે છે. ભારત પણ હવે ઈરાનની જગ્યાએ વેનેઝુએલાથી તેલ ખરીદશે. મીડિયા સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાએ હવે વેનેઝુએલાની સત્તા પોતાના હાથમાં લીધી છે. તેમણે કહ્યું કે ધરપકડ કરાયેલા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની સહયોગી ડેલ્સી રોડ્રિગ્ઝને વચગાળાના નેતા તરીકે રહેવાની મંજૂરી આપવામાં આવી છે. આવું એટલા માટે કારણ કે તે અમેરિકાની શરતો માનશે.

વેનેઝુએલાના કાર્યવાહક રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીતમાં ઉર્જા, વેપાર અને રોકાણ જેવા મુદ્દા પર દ્વિપક્ષીય સહયોગ વધારવા પર ચર્ચા થઈ છે. આ અમેરિકાની સૈન્ય કાર્યવાહી અને માદુરોની ધરપકડ બાદ વેનેઝુએલા તરફથી ભારતની સાથે પ્રથમ હાઈ લેવલ સંપર્ક હતો.

ફોન કોલ બાદ પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર કહ્યું કે બંને દેશોએ ભવિષ્યમાં ભારત-વેનેઝુએલાના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર સહમતિ વ્યક્ત કરી છે.




# તંત્રી લેખ......

## આર્થિક સર્વેક્ષણમાં શહેરોના અવિકસિત વિકાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો

બજેટ પહેલાં સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં પણ અનેક પડકારો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે તે સારું છે. આમાંથી એક યોગ્ય શહેરી વિકાસનો અભાવ છે. આ વાતને વિગતવાર રીતે પ્રકાશિત કરવામાં આવી હોવાથી, તેના મહત્વને સમજવું અને ગંભીર ધ્યાન આપવું જોઈએ. ભાગ્યે જ કોઈ આ વાત સાથે અસંમત થશે કે શહેરો ફક્ત રહેઠાણ કરતાં વધુ છે.

તેઓ આર્થિક માળખાગત સુવિધાનું એક મહત્વપૂર્ણ સ્વરૂપ છે. તેથી જ તેમને આર્થિક વિકાસના એન્જિન કહેવામાં આવે છે. જ્યારે આપણા શહેરો કુલ સ્થાનિક ઉત્પાદનમાં ફાળો આપી રહ્યા છે, ત્યારે તેઓ વિશ્વના ઘણા દેશોના શહેરોની જેમ આરામદાયક નાગરિક જીવનના કેન્દ્રો બની રહ્યા નથી. શહેરી જીવન સમસ્યાઓથી ઘેરાયેલું છે. તેઓ તણાવ, ભીડ અને ગંદકીનો પર્યાય બની રહ્યા છે. આ બિનઆયોજિત અને આડેધડ વિકાસને કારણે છે.

એક વિડંબના એ છે કે માળખાગત સુવિધાઓમાં છૂટાછવાયા સુધારાઓને શહેરી વિકાસનો પર્યાય માનવામાં આવે છે. પરિણામે, શહેરી સમસ્યાઓ ફરી ઉભી થતી રહે છે. એ પણ સ્પષ્ટ છે કે ઘણા શહેરો, આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રો બન્યા હોવા છતાં, રાજકીય રીતે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. મ્યુનિસિપલ સંસ્થાઓની નિષ્ફળતા પરિસ્થિતિને વધુ જટિલ બનાવે છે.

આર્થિક સર્વેક્ષણ મુજબ, ભારતીય શહેરો આવકમાંથી તેમના જીડીપી ના ૦.૬ ટકા કરતા પણ ઓછું ઉત્પાદન કરે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે શહેરોનું યોગ્ય રીતે સંચાલન થઈ રહ્યું નથી. ઘણીવાર, શહેરી માળખાગત સુવિધાઓનું નિર્માણ કરતી વખતે, એ વાત પર કોઈ વિચાર કરવામાં આવતો નથી કે તે શહેરી જીવનના યોગ્ય વિકાસમાં ફાળો આપશે કે નહીં.

શહેરો આર્થિક અને વ્યાપારી પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે સ્થાપિત થાય છે, પરંતુ કામદારો ક્યાં રહેશે અથવા તેઓ કેવી રીતે મુસાફરી કરશે તેના પર ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. જ્યારે શહેરો ટ્રાફિક ભીડ, અતિક્રમણ, પ્રદૂષણ વગેરે જેવી સમસ્યાઓથી ઘેરાયેલા હોય છે, ત્યારે તેમની ઉત્પાદકતા ઓછી થાય છે અને રોકાણની સંભાવના ઓછી થાય છે. હવે જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું છે કે શહેરોમાં વસ્તીનું દબાણ વધતું રહેશે, ત્યારે તેમના સંતુલિત અને ટકાઉ વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

આ હાલમાં થઈ રહ્યું નથી, અને તેથી, શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ વધી રહી છે, અને રહેણાંક વિસ્તારો વ્યાપારી બની રહ્યા છે. રાજ્ય સરકારો દસ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે આર્થિક સર્વેક્ષણમાં ઓળખાયેલા કાર્યક્રમોને અમલમાં મૂકવા માટે આગળ વધે તે માત્ર જરૂરી જ નથી, પણ અનિવાર્ય પણ છે. તેમણે સમજવું જોઈએ કે તેમના શહેરોનો યોગ્ય વિકાસ સુનિશ્ચિત કરવાની તેમની જવાબદારી છે, અને આ કરવું જોઈએ કારણ કે તે ફક્ત સમૃદ્ધિ તરફ દોરી જશે.

---

વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી, પણ પૃથ્વીની જીવનરેખા છે; તેને બચાવવા એ આપણી નૈતિક ફરજ છે. - મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા

# વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને પોરબંદરમાં રાજ્યકક્ષાના ૮મા આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ' ના પૂર્વે દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજ: સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮માં આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન સેમીનારના અધ્યક્ષ સ્થાને વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વેટલેન્ડ્સના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો કુદરતી રીતે સમૃદ્ધ છે અને અહીં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે. વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી તેમણે શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ' બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો.

પ્રકૃતિ અને વન્યજીવોના રક્ષણ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે દરેક જીવનું કુદરતી ચક્રમાં આગવું મહત્વ છે. તેમણે ઉદાહરણ આપ્યું કે સાપ જેવી રીતે ઉંદરો પર નિયંત્રણ રાખીને અનાજનો બગાડ અટકાવે છે, જે પ્રત્યક્ષ રીતે માનવજાતને મદદરૂપ છે. વધુમાં, ધરમપુર ખાતેના રિસર્ચ સેન્ટરમાં સાપના ઝેરમાંથી એન્ટી-વેનમ દવાઓ બનાવવાનું જે કાર્ય થઈ રહ્યું છે, તે વિજ્ઞાન અને પ્રકૃતિના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાતમાં પર્યાવરણીય સિદ્ધિઓની ચર્ચા કરતા મંત્રીશ્રીએ નોંધ્યું કે રાજ્યમાં સિંહોની વસ્તીમાં ૩૨% નો નોંધપાત્ર વધારો થયો છે અને હવે બરડા અભયારણ્ય પણ સિંહોનું બીજું ઘર બની રહ્યું છે.

રાજ્ય સરકારના આગામી આયોજનો અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે ગુજરાતમાં રામસર સાઈટ્સની સંખ્યા વધી રહી છે અને તાજેતરમાં કચ્છના 'છારી-ઢંઢ' ને પાંચમી રામસર સાઈટ તરીકે માન્યતા મળી છે. આગામી સમયમાં પોરબંદરના મોકર સાગર અને મેઢાક્રીકને પણ આ વૈશ્વિક યાદીમાં સ્થાન અપાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે. આ ઉપરાંત, પર્યાવરણીય પર્યટનને વેગ આપવા રંગબાઈ માતાના મંદિર પાસે ૨૧ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર કરવામાં આવી રહ્યું છે, જે ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. અંતમાં તેમણે પર્યાવરણને માતા સમાન ગણાવી તેની જાળવણી માટે સૌને પ્રતિજ્ઞા લેવા આહવાન કર્યું હતું.

મંત્રીશ્રીએ સંતો પણ પ્રકૃતિના રક્ષણ માટે પર્યાવરણ જાગૃતિમાં મહત્વનું કાર્ય કરી રહ્યા છે જે અંગે હર્ષની લાગણી વ્યક્ત કરી શ્રી મોરારીબાપુ અને ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના પર્યાવરણ જાગૃતિના કાર્યો અને લોકોમાં જાગૃતિ આવે તે માટેના સેવા યજ્ઞને નોંધપાત્ર ગણાવ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ખીજડીયા વન્યજીવ અભયારણ્યમાં પ્રજનન કરતા સ્થાનિક -સ્થળાંતરિત ભયગ્રસ્ત અને ભયની નજીક રહેલા જળચર પક્ષીઓ માટે વેટલેન્ડ હેબિટેટ એસેસમેન્ટ, દક્ષિણ ગુજરાતની મુખ્ય નદીઓના મુખપ્રદેશો (Estuaries) નું ઈકોલોજીકલ મોનિટરિંગ, ગોસાબારા - મોકરસાગર વેટલેન્ડ: ગોસા બારા - મોટરસાગર વેટલેન્ડનું ઈકોલોજીકલ મોનિટરિંગ, મોકરસાગર વેટલેન્ડ સહિતના માહિતીસભર રિપોર્ટનું પુસ્તક રૂપે સાથે - સાથે ગુજરાતના સુંદર પુષ્પો ધરાવતા વૃક્ષો, સાપ અને માનવ : ભયથી સમજ અને સહઅસ્તિત્વ તરફ અને હિંગોળગઢ: પ્રકૃતિથી પ્રેરણા અને શિક્ષણથી સંરક્ષણ તરફ વિષય અંગે ડોક્યુમેટ્રી ફિલ્મનું મંત્રીશ્રીના હસ્તે ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. PCCF ડૉ. એ. પી. સિંહ પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (PCCF) શ્રી ડૉ. એ. પી. સિંહ (IFS) એ વેટલેન્ડના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ભારત એક 'મેગા બાયો ડાયવર્સિટી' ધરાવતો દેશ છે, જ્યાંના દરેક ક્ષેત્ર પોતાની આગવી ઈકોસિસ્ટમ માટે વિશ્વભરમાં વિશિષ્ટ ઓળખ ધરાવે છે. આ પ્રાકૃતિક વારસાને અને વેટલેન્ડને આગામી પેઢી સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા માટે અત્યારથી જ તેના જતન અંગે ગંભીર ચર્ચા અને નક્કર આયોજન કરવું અનિવાર્ય છે. તેમણે ગૌરવભેર નોંધ્યું હતું કે, ભારતનો ૨૨ ટકા જેટલો વિશાળ વેટલેન્ડ એરિયા એકલા ગુજરાત પાસે છે, જે રાજ્યની પર્યાવરણીય સમૃદ્ધિ દર્શાવે છે.

વિશેષ કરીને પોરબંદર જિલ્લાની ભૌગોલિક વિવિધતાની પ્રશંસા કરતા ડૉ. સિંહે ઉમેર્યું કે, પોરબંદર એક અદભૂત સ્થળ છે જ્યાં ત્રણેય પ્રકારના વેટલેન્ડ જોવા મળે છે. આ જ કારણ છે કે પોરબંદર આજે 'ફ્લેમિંગો સિટી' તરીકે લોકપ્રિય બન્યું છે. વધુમાં, પોરબંદરનું રત્ન ગણાતા ગોસાબારા મોકરસાગર વેટલેન્ડને આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી 'રામસર સાઈટ' તરીકે જાહેર કરવાની પ્રક્રિયા ગતિમાં છે. આ દરજ્જો મળવાથી આ વિસ્તારના સંવર્ધન અને ઈકો-ટુરિઝમને વૈશ્વિક



ફલક પર નવું બળ મળશે.

વન્યજીવ વિભાગના પી.સી.સી.એફ. (PCCF) ડૉ. જયપાલ સિંહ (IFS) એ પોરબંદરની પર્યાવરણીય ધરોહરને બિરદાવતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો એ ખરા અર્થમાં વેટલેન્ડનો પર્યાય છે. અહીંની ભૌગોલિક વિશેષતા એવી છે કે પોરબંદરમાં જાણે 'ઘરેઘરે વેટલેન્ડ' હોય તેવી સ્થિતિ જોવા મળે છે. જિલ્લામાં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે, જે સ્થાનિક ઈકો-સિસ્ટમ માટે કરોડરજ્જુ સમાન છે. વેટલેન્ડના વ્યાપ અને તેની અનિવાર્યતા સમજાવતા તેમણે ઉમેર્યું હતું કે, આ જળપ્લાવિત ક્ષેત્રો એક 'સેલ્ફ આસિસ્ટન્ટ સિસ્ટમ' તરીકે કાર્ય કરી પ્રકૃતિનું સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

વધુમાં તેમણે વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ સહિત વિવિધ ફાઉન્ડેશનો અને વિષય નિષ્ણાતો દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી. ખાસ કરીને પર્યાવરણ જાળવણીના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સમર્પણને બિરદાવી, તેમણે આ સફળ આયોજન બદલ ગીર ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી બી. પી. પતી દ્વારા બે દિવસીય આંતરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનારની પ્રસ્તાવના રજૂ કરી હતી. સાથે વેટલેન્ડનું મહત્વ અને આ સેમિનાર માટે પોરબંદર જિલ્લાની ભૌગોલિક વિશેષતાઓ અંગે તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ગુજરાત રાજયના દરિયાકાંઠાના જિલ્લા પોરબંદરમાં આયોજિત કરવામાં આવ્યો છે, જે તેની વૈવિધ્યસભર વેટલેન્ડ (જળપ્લાવિત વિસ્તાર) ઈકોસિસ્ટમ અને દરિયાકાંઠાના રહેઠાણોને કારણે નોંધપાત્ર ઈકોલોજીકલ મહત્વ ધરાવે છે. પોરબંદર પક્ષી અભયારણ્ય અને ગોસાબારા- મોકરસાગર વેટલેન્ડ જેવા અગ્રણી વેટલેન્ડ્સ નિવાસી અને સ્થળાંતર કરનારા જળચર પક્ષીઓના વિશાળ સમૂહના યજમાન તરીકે જાણીતા છે.

સદીઓથી, સ્થાનિક માછીમારો અને ખેડૂત સમુદાયો આ વેટલેન્ડ સંસાધનોના ટકાઉ ઉપયોગ અને સંચાલન માટે પરંપરાગત ઈકોલોજીકલ જ્ઞાન પર નિર્ભર રહ્યા છે. વિશ્વ વેટલેન્ડ દિવસ ૨૦૨૬ ની થીમ, "વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી" ના સંદર્ભમાં, પોરબંદર એ સાંસ્કૃતિક વારસા અને વેટલેન્ડ ઈકોસિસ્ટમના સુમેળભર્યા સહઅસ્તિત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ બાબત તેને ૮મી ઈન્ટરનેશનલ સેમિનાર-કમ-વર્કશોપ માટે એક આદર્શ સ્થળ બનાવે છે. ઉદ્ઘાટન સમારોહ બાદ ટેકનિકલ શેસનમાં વિવિધ તજજ્ઞોએ વેટલેન્ડ સંરક્ષણ માટેના ભાવિ રોડમેપ અંગે ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા, PCCF શ્રી રમણ મૂર્તિ, નેશનલ વાઈલ્ડ બોર્ડ સ્ટેન્ડિંગ કમિટીના મેમ્બર શ્રી એચ.એસ. સિંઘ, પોરબંદર જિલ્લા કલેક્ટર શ્રી એસ. ડી. ધાનાણી, પોરબંદર મનપા કમિશનર શ્રી હસમુખ પ્રજાપતિ, નિવાસી અધિક જિલ્લા કલેક્ટર શ્રી રેખાબા સરવૈયા, પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડૉ. ચેતનાબેન તિવારી તેમજ વન વિભાગ પોરબંદર જુનાગઢ અને ગાંધીનગરના અધિકારીઓ, સાંદિપની ના ઋષિ કુમારો, પર્યાવરણ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોરબંદરના એ.સી.એફ શ્રી રાજલ પાઠક, સામત ભમર અને ટીમે જરૂરી સંકલન કર્યુ હતું .

વિવિધ તજજ્ઞો અને પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વેટલેન્ડ સંરક્ષણ માટેના ભાવિ રોડમેપ અંગે ચર્ચા કરી હતી.

---

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લાલઘૂમ

# અધિકારી ફોન ન ઉપાડે તો સાંજે રાજીનામું લો, નહીંતર કમિશનર ઘરે જાય : સીએમ

## કેટલાક સમયથી અધિકારીઓની મનમાની અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની અવગણના થતી હોવાની ફરિયાદો ઉઠી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ મહત્વની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી, નાણાંમંત્રી તેમજ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના મેયર, ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનરો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનો મુખ્ય એજન્ડા વિકાસકામો હતો, પરંતુ નગરસેવકોની વ્યથા સાંભળીને મુખ્યમંત્રીનો મિજાજ ગરમ થયો હતો. ગાંધીનગર સહિત રાજ્યના અનેક કોર્પોરેશનના નગરસેવકોએ એકસૂરે ફરિયાદ કરી હતી કે અધિકારીઓ જનપ્રતિનિધિઓના ફોન ઉપાડતા નથી. રજૂઆત કરવા છતાં કામોના નિરાકરણ આવતા નથી. વોર્ડ સંકલનની બેઠકો માત્ર ઔપચારિકતા બની ગઈ છે; ત્યાં રજૂ કરેલા પ્રશ્નો "જોઈ લેશું, જોવડાવી લેશું" કહીને અભરાઈએ ચડાવી દેવાય છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે લોકોના પ્રશ્નો માટે જો નગરસેવક ફોન કરે અને અધિકારી મનમાની કરે, તો તે સાંજે જ રાજીનામું આપી દે. જનતાના કામમાં કોઈ પણ પ્રકારની લાપરવાહી ચલાવી લેવામાં આવશે નહીં. મુખ્યમંત્રીએ માત્ર નાના અધિકારીઓ જ નહીં, પણ મ્યુનિસિપલ કમિશનરોને પણ આડે હાથ લીધા હતા.

તેમણે અત્યંત કડક સૂચના આપતા જણાવ્યું કે જો કોઈ અધિકારી ફોન ન ઉપાડે અથવા પ્રજાના કામમાં ઠાગાઠૈયા કરે, તો કમિશનરે તેનું રાજીનામું માંગી લેવું. જો મ્યુનિસિપલ કમિશનર આવા બેજવાબદાર અધિકારી સામે પગલાં લેવામાં અસમર્થ હોય, તો તેમણે પોતે રાજીનામું આપવાની તૈયારી રાખવી પડશે.

મુખ્યમંત્રીના આ આક્રમક તેવરને કારણે વહીવટી લોબીમાં ફફડાટ વ્યાપી ગયો છે. નગરસેવકોએ આ નિર્ણયને આવકાર્યો છે, કારણ કે તેઓ પોતાના વિસ્તારના પ્રશ્નો લઈને જાય ત્યારે અધિકારીઓના નકારાત્મક વલણને કારણે પ્રજા વચ્ચે ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડતું હતું. આ સૂચના બાદ હવે જોવાનું એ રહેશે કે આગામી દિવસોમાં મહાનગરપાલિકાઓની કાર્યશૈલીમાં કેટલો સુધારો આવે છે અને કયા "બાહુબલી" અધિકારીઓ પર ગાજ પડે છે.

---

## સગીરા ઉપર દુષ્કર્મ અને બ્લેકમેલિંગની ગંભીર ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ડિંડોલીમાં પ્રેમજાળમાં ફસાવીને સગીરા પર દુષ્કર્મ આચરી અને બ્લેકમેલિંગ કરનાર નરાધમને પોલીસે ઝડપી પાડ્યો છે. થોડા દિવસ પહેલા આરોપી સગીરાને ભગાડી ગયો હતો. જોકે, રેલવે પોલીસની મદદથી ડિંડોલી પોલીસે ચાલતી ટ્રેનમાંથી સગીરાને મુક્ત કરાવી હતી. દુષ્કર્મની ઘટનાને લઈને પોલીસે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા ઉધનામાં ધાગા કટિંગ કરવાનું કરતી હતી. આ જગ્યાએ તેની સાથે કામ કરતાં રફીક નામના શખસે સગીરાને પ્રેમજાળમાં ફસાવીને દુષ્કર્મ આચર્યું હતું. ગત ૨૨ જાન્યુઆરીના રોજ રફીક સગીરાને બ્લેકમેલિંગ કરીને ભગાડી ગયો હતો. આ મામલે સગીરાના પરિવારે પોલીસમાં ફરિયાદ કરતાં બંને ઉત્તર પ્રદેશ તરફ ટ્રેનમાં જતાં હોવાનું જાણવા મળ્યું હતું.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


---

સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને "સૌના સાથ, સૌના વિકાસના" મંત્રથી આવરી લેવાનો સરાહનીય અભિગમ

# કેન્દ્રીય બજેટ-૨૦૨૬: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## લોથલ અને ધોળાવીરાનો પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થવાથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરાયેલું ૨૦૨૬-૨૭ના વર્ષનું બજેટ વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય બજેટ અંગે પ્રતિભાવમાં તેમણે કહ્યું કે, કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. આ ત્રણ કર્તવ્યોમાં, પ્રથમ કર્તવ્ય આર્થિક વિકાસને વેગ આપીને તેને ટકાવી રાખવાનું, બીજું કર્તવ્ય લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને તેમની કેપેસિટી બિલ્ડીંગનું છે. ત્રીજું કર્તવ્ય, સૌના સાથ, સૌના વિકાસના વિઝન સાથે સુસંગત છે અને કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય આપે છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ બજેટમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. એટલું જ નહિ, સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને વિકસિત ભારતના નિર્માણમાં આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ કેન્દ્રીય બજેટ અંતર્ગત ગુજરાતને ભવિષ્યમાં થનારા ફાયદાઓને આવકારતા કહ્યું કે, લોથલ અને ધોળાવીરાનો દેશના પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થયો છે તેનાંથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે. દેશમાં ૨૦ આઈકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦ હજાર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઈકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં પણ સ્થાનિક રોજગારીની તકો વધશે.

મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને શહેરી વિકાસને નવી દિશા આપનારું બજેટ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, શહેરી ઉત્કર્ષ માટે વડાપ્રધાનશ્રીની અતૂટ સંકલ્પબદ્ધતા આ બજેટમાં પ્રતિબિંબિત થઈ છે. ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે એવી આશા પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ બોન્ડ માર્કેટને સુદ્રઢ કરવા માટે કેન્દ્ર સરકારનું પ્રશંસનીય કદમ છે. આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, આ બજેટ MSMEથી લઈને મોટા ઊદ્યોગ, સૌને માટે પ્રોત્સાહક બજેટ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેક્નોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે અને એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે તેમજ ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ પણ રાજ્યના ટેક્સટાઈલ સેક્ટરને મળશે.

આ ઉપરાંત, ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે. ઓડિશા, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ડેડિકેટેડ રેર અર્થ કોરિડોર બનાવવાની જે જાહેરાત થઈ છે તેનાથી દેશની ક્રિટિકલ મિનરલ્સની જરૂરિયાતમાં આત્મનિર્ભરતાનું વધુ એક કદમ સાબિત થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્ર સરકારે મુખ્ય ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોરની નજીક ૫ યુનિવર્સિટી ટાઉનશીપ બનાવવાની આ બજેટમાં જાહેરાત કરી છે. બહુવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ, કૌશલ્ય કેન્દ્રો અને રહેણાંક સંકુલ સહિતના આ આયોજિત શૈક્ષણિક ઝોનથી રાજ્યોની સ્કિલ ઈકોસિસ્ટમને બળ મળશે તેવો મત શ્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર દ્વારા સુરતને પૂર્વ ભારતના દાનકુની સાથે જોડવાની જાહેરાત લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાની દિશામાં એક 'માસ્ટરસ્ટ્રોક' સાબિત થશે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત પાસે હવે પૂર્વ ભારત તરફ વેપાર કરવા માટે 'હાઈ-સ્પીડ' કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે, તે રાજ્યના વેપાર અને અર્થતંત્રને અભૂતપૂર્વ ગતિ આપશે. આ ઉપરાંત ૨૦ નવા નેશનલ વોટર વેઝ બનાવવાની જાહેરાતથી દેશમાં જળમાર્ગે પણ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ થશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખાદી, હાથશાળ અને હસ્તકલાને સુદ્રઢ બનાવવા માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ પહેલ શરૂ કરવાનો પ્રસ્તાવ આ બજેટમાં રજૂ કરવામાં આવ્યો છે.

આના પરિણામે સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજાર જોડાણ અને બ્રાન્ડિંગમાં મદદ મળશે. લીમ, કૌશલ્ય, પ્રોસેસ અને ઉત્પાદનની ગુણવત્તા સંગીન થશે. એટલું જ નહિ, વણકરો, ગ્રામ્ય ઉદ્યોગો, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને ગ્રામીણ યુવાનોને લાભ થશે તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીએ હંમેશા કરદાતાઓનું સન્માન કર્યું છે અને તેમને દેશના વિકાસના ચાલક બળ ગણાવ્યાં છે. આ બજેટમાં પણ કરદાતાઓનાં સન્માનનો ખ્યાલ રાખીને પ્રામાણિકતા વધે તે દિશામાં કરવેરા ભરવામાં રહેલી ક્ષતિને ગુનો નહીં પરંતુ ભૂલ ગણીને સજાના બદલે દંડની જોગવાઈ કરી છે તે પણ પ્રસંશનીય છે. મુખ્યમંત્રીશ્રીએ સમગ્રતયા સર્વસમાવેશી, સર્વ સ્પર્શીય અને સામાન્યમાં સામાન્ય માનવી સહિત સૌના સર્વગ્રાહિ વિકાસ, કલ્યાણ તથા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના યોગદાનને વધુ પ્રેરણા આપનારા બજેટ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય નાણાંમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# "મેરા ટિકટ, મેરી શાન – વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" અભિયાન હેઠળ જૂનાગઢ રેલવે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલ યાત્રીઓને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓના ઉપયોગ અંગે જાગૃતિ વધારવાના હેતુથી પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરૂણ જૈનના માર્ગદર્શન અને પ્રેરણાથી ચલાવવામાં આવી રહેલા "મેરા ટિકટ, મેરી શાન – વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" અભિયાન અંતર્ગત તારીખ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ (રવિવાર)ના રોજ જૂનાગઢ રેલવે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે જૂનાગઢના માનનીય ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરાડીયા, મહાપૌર શ્રી ધર્મેશ પોશિયા, ઉપમહાપૌર શ્રી આકાશ કટારા, ભાજપના પૂર્વ અધ્યક્ષ શ્રી પુનિત શર્મા, ભાજપ ઉપાધ્યક્ષ ગીતાબેન, ભાજપ દંડક શ્રી કલ્પેશ અજવાણી, બક્ષી પંચ પ્રદેશ મોરચાના ઉપાધ્યક્ષ શ્રી જે. કે. ચાવડા સહિત અન્ય સ્થાનિક ગણમાન્ય જનપ્રતિનિધિઓની ગૌરવસભર ઉપસ્થિતિ રહી. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી.

કાર્યક્રમ દરમિયાન જનપ્રતિનિધિઓએ યાત્રીઓ અને વિદ્યાર્થીઓને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવાની મહત્તા સમજાવી અને સંદેશ આપ્યો કે ટિકિટ લઈને મુસાફરી કરવી માત્ર કાનૂની ફરજ નથી, પરંતુ ઈમાનદારી, શિસ્ત અને નાગરિક જવાબદારીનું પ્રતિક છે. આ પહેલ દ્વારા સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓમાં જવાબદાર મુસાફરીની ભાવના મજબૂત બનાવવામાં આવી.

વાણિજ્ય વિભાગ દ્વારા યાત્રીઓને રેલવન (RailOne) એપ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. એપના મુખ્ય લાભો—જેમ કે સરળ ટિકિટ બુકિંગ, ટ્રેનોની રિયલ-ટાઈમ માહિતી તથા એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ વિવિધ રેલવે સેવાઓ—વિશે વિગતવાર જાણકારી આપી ડિજિટલ સેવાઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ અવસરે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ અભિયાન યાત્રીઓને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવા, ડિજિટલ રેલવે સેવાઓ અપનાવવા અને સુરક્ષિત, પારદર્શક તથા કાર્યક્ષમ રેલવે પ્રણાલીના નિર્માણમાં સહભાગી બનવા માટે પ્રેરિત કરે છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકોએ જાગૃતિ સૂત્રોચ્ચાર દ્વારા યાત્રીઓને "ટિકિટ લઈને જ મુસાફરી કરો" તેવી અપીલ કરી. આ અભિયાનથી યાત્રીઓમાં રેલવે નિયમો પ્રત્યે જાગૃતિ વધવાની સાથે વિદ્યાર્થીઓને નાગરિક ફરજો, ઈમાનદાર મુસાફરી અને સામાજિક જવાબદારીના મહત્વ વિશે માહિતી મળી. આ જનજાગૃતિ કાર્યક્રમ બાળકો માટે પ્રેરણાદાયી અનુભવ સાબિત થયો, જેના દ્વારા તેમનામાં આત્મવિશ્વાસ સાથે સમાજ પ્રત્યે સકારાત્મક ભાગીદારીની ભાવના વિકસી. પશ્ચિમ રેલવે દ્વારા બાળકોને આ અભિયાનનો ભાગ બનાવી ભવિષ્યના જવાબદાર નાગરિકોના નિર્માણ તરફ એક સાર્થક પહેલ કરવામાં આવી.

# કેન્દ્રીય બજેટ અંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા

★ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે.

★ નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સિતારામનજીને સતત નવમી વાર બજેટ રજૂ કરવા માટે અભિનંદન પાઠવું છું.

★ કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું આ બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે.

★ તેમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે.

★ આ ત્રણ કર્તવ્યોમાં સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને "સૌના સાથ, સૌના વિકાસના" મંત્રથી આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે.

★ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે.

★ એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે.

★ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે.

★ પૂર્વ ભારતના દાનકુનીથી સુરત સુધીના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી રાજ્યના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટીક્સ સેવાઓ મળતી થશે.

★ ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને મળશે.

★ ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે.

★ ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે

★ આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે.

★ ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયોન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે.

★ જામનગરનાં ગ્લોબલ ટ્રેડીશનલ મેડિસીન સેન્ટરને અપગ્રેડ કરવાની જાહેરાતથી પરંપરાગત ઔષધિઓના સંશોધનનો વ્યાપ વિશ્વભરમાં થશે.

★ લોથલ અને ધોળાવીરાનો દેશની ૧૫ પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થયો છે તેનાંથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે.

★ દેશમાં ૨૦ આઈકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦ હજાર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઈકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં સ્થાનિક રોજગારીની તકો વધશે.

★ કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય અપાયું છે.

★ વડાપ્રધાનશ્રીએ હંમેશા કરદાતાઓનું સન્માન કર્યું છે અને તેમને દેશના વિકાસના ચાલક બળ ગણાવ્યાં છે.

★ આ બજેટમાં પણ કરદાતાઓનાં સન્માનનો ખ્યાલ રાખીને પ્રામાણિકતાએ વધે તે દિશામાં કરવેરા ભરવામાં રહેલી ક્ષતિને ગુનો નહીં પરંતુ ભૂલ ગણીને સજાના બદલે દંડની જોગવાઈ કરી છે.

★ સમગ્રતયા આ બજેટ સર્વસમાવેશી, સર્વ સ્પર્શીય અને સામાન્યમાં સામાન્ય માનવી સહિત સૌના સર્વગ્રાહિ વિકાસ, કલ્યાણ તથા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના યોગદાનને વધુ પ્રેરણા આપતું બજેટ છે.

# યુવતીનો રહસ્યમય સંજોગોમાં ગળા ફાંસો ખાઈ આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

સાવલી તાલુકાના પોઈચા ગામે સાસરીમાં રહેતી સગીર વયની યુવતીએ રહસ્યમય સંજોગોમાં ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરતા વિસ્તારમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલ દાવોલ ગામમાં રહેતા કિરણ સોમાભાઈ ગોહિલની ૧૭ વર્ષની પુત્રી નિશાના લગ્ન સાવલી તાલુકાના પોઈચા ગામમાં રહેતા નિલેશ ભીખાભાઈ રાઠોડ સાથે નક્કી થયા હતા બંનેએ માતા અને પિતાની સંમતિથી લગ્ન પહેલા સગાઈ કરી હતી. આઠ મહિના પહેલા નિલેશને પગમાં ફેક્ચર થતા નિશા સાસરીમાં મદદ માટે આવી હતી. અને છેલ્લા આઠ મહિનાથી તે સાસરીમાં રહેતી હતી.

# રાજકોટમાં નરાધમ બાપની કાળી કરતુત : સગી દિકરીની ૪ વર્ષ અને ભત્રીજી ની ૭ વર્ષ સુધી આબરૂ લુંટતો રહ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજકોટના ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પિતા પુત્રીના પવિત્ર સંબંધને શર્મસાર કરનારો કિસ્સો બહાર આવ્યો છે. પિતાની હવસખોરીથી કંટાળી જઈ સગી દિકરીએ માતા પિતાનુ ઘર છોડી દીધુ હોવાની ઘટના બહાર આવી છે. ત્યારે પોલીસ દ્વારા દિકરીની ભાળ મેળવીને તેની પુછપરછ કરતા છેલ્લા ૩-૪ વર્ષથી માસુમ દિકરી પોતાના પિતાની હવસનો શિકાર બનતી હોવાનુ બહાર આવ્યુ છે. સાથે જ આ મામલે પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કર્યા બાદ નરાધમ પિતાની જુની કરતુતનો પણ ભાંડો ફુટયો છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજકોટ જિલ્લાના ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય પુત્રીએ પોતાના માતા પિતાનુ ઘર છોડીને ભાગી ગઈ હતી. જે સમગ્ર મામલાની જાણ ૧૯ વર્ષીય પુત્રીના પિતા દ્વારા ઉપલેટા પોલીસને કરવામાં આવી હતી. ઉપલેટા પોલીસને ઘટનાની જાણ થતા તાત્કાલીક અસરથી ઉપલેટા પોલીસ તેમજ રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા દિકરીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. બાદમાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા દિકરીને શોધી કાઢી તેની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. પુછપરછ દરમિયાન દિકરીએ કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ કર્યા હતા. જે અંતર્ગત તેના પિતા તેણીની સાથે છેલ્લા ૩-૪ વર્ષથી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતા હોવાનુ જણાવ્યુ હતું. તાત્કાલીક અસરથી રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા દિકરીના પિતાની પણ પુછપરછ હાથ ધરવામાં આવી હતી. ત્યારે આરોપીએ પોતે પોતાના ગુન્હાની કબુલાત આપી હોવાનુ બહાર આવ્યુ છે. ૧૯ વર્ષીય ભોગ બનનાર દિકરી દ્વારા બળાત્કાર તેમજ પોકસો એકટની કલમ અંતર્ગત ઉપલેટા પોલીસ સ્ટેશન ખાતે પોતાના પિતા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતા તાત્કાલીક અસરથી પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ગુન્હાના કામે દિકરીના રૂમમાં રાત્રીના સમયે તેના નરાધમ પિતા દ્વારા દુષ્કર્મ આચરવામાં આવતુ હતું. ત્યાંથી કેટલાક સાંયોગીક પુરાવાઓ પણ એકત્રીત કરવામાં આવ્યા છે. તો સાથે જ તપાસના કામે આરોપી દ્વારા ગુન્હાના સમયે વાપરવામાં આવતી ઝેલ, પ્રોટેકશન કીટ, મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ કબ્જે લેવામાં આવી છે. પુછપરછ દરમિયાન યુવતિએ પોલીસને જણાવ્યુ હતુ કે આરોપી ઘરમાં જ જેલ જેવો રૂમ બનાવ્યો હતો અને જયાં તે દિકરીને રાત્રીના સમયે અશ્લીલ વિડીયો બતાવી તેને શારીરિક શોષણ માટે મજબુર કરતો હતો. તેમજ દિકરીનો અવાજ કે પ્રતિકાર ન સંભળાય તે માટે ટીવીનુ વોલ્યુમ પણ વધારી દેતો હતો. પ્રાથમિક તપાસમાં આ દુષ્કર્મ લાંબા સમયથી ચાલતુ હોવાનુ બહાર આવ્યુ છે.

એટલુ જ નહી પોલીસ પુછપરછ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો બહાર આવ્યો હતો. આરોપી પિતાએ તેની ભત્રીજી પર પણ છેલ્લા ૭ વર્ષથી દુષ્કર્મ ગુજાર્યુ હોવાનુ બહાર આવ્યુ છે. આ અંગે રાજકોટ ગ્રામ્યના જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મામલો અત્યંત ગંભીર છે. પીડીતાઓને કાયદેસર સુરક્ષા અને ન્યાય મળે તે માટે તમામ જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે હાલ આ મામલે પોલીસ દ્વારા આરોપીની ભત્રીજીનુ કાઉન્સેલીંગ કરવામાં આવી રહ્યુ છે. તેમજ પોલીસની પ્રાથમિક તપાસમાં ભત્રીજી સાથે છેલ્લા ૭ વર્ષથી હવસખોર પિતા સમાન કાકા દ્વારા દુષ્કર્મ આચરવામાં આવી રહ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. આરોપી પોતે દિવ્યાંગ હોવાનુ તેમજ તેની પત્નીને કેન્સરની જીવલેણ બિમારી હોવાનુ બહાર આવ્યુ છે. તપાસમાં બહાર આવ્યુ છે કે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા આરોપીની પત્નીને ચોથા સ્ટેજનુ કેન્સર હોવાના કારણે ડીડીઓ સાથે સંકલન કરીને હેલ્થ વિભાગ દ્વારા તાત્કાલીક અસરથી યોગ્ય ટ્રીટમેન્ટ મળે તે બાબતે પણ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે તેમજ આગામી સમયમાં ભત્રીજી ની ફરીયાદના આધારે તેના હવસખોર કાકા વિરૂધ્ધ અન્ય ફરીયાદ પણ નોંધવામાં આવશે.

એક તો ગુનો કર્યો, ઉપરથી ગુંડાગર્દી!

# કાર ચાલકે જાહેરમાં પોલીસ કર્મીની સાથે કરી ઝપાઝપી

### ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ કર્મી અને એક કાર ચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થતા ચકચાર મચી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત



શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવતી પોલીસ અને બેફામ બનેલા વાહનચાલકો વચ્ચે ઘર્ષણની ઘટનાઓ સતત વધી રહી છે. તાજેતરમાં શહેરના ઉધના વિસ્તારમાં આવેલા સિલિકોન શોપર્સ પાસે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ કર્મી અને એક કાર ચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થતા ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. મળતી માહિતી મુજબ, ઉધના સિલિકોન શોપર્સ પાસે ટ્રાફિક પોલીસ દ્વારા 'નો પાર્કિંગ' ઝોનમાં ઉભેલા વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી હતી. આ દરમિયાન એક કાર ચાલકે પોતાની ફોર-વ્હીલર પ્રતિબંધિત વિસ્તારમાં પાર્ક કરી હતી. ટ્રાફિક પોલીસ કર્મીઓએ નિયમ મુજબ આ ગાડીને ટોઈંગ કરવાની કામગીરી શરૂ કરી ત્યારે કાર ચાલક ત્યાં ધસી આવ્યો હતો.

પોતાની ગાડી ટોઈંગ થતી જોઈ કાર ચાલક પિત્તો ગુમાવી બેઠો હતો અને પોલીસ કર્મી સાથે રકઝક શરૂ કરી હતી. વિવાદ એટલો વધ્યો કે કાર ચાલકે ટ્રાફિક પોલીસ સાથે અત્યંત અભદ્ર વર્તન કરી ગાળાગાળી શરૂ કરી દીધી હતી. વાત માત્ર બોલાચાલી સુધી સીમિત ન રહેતા, ઉશ્કેરાયેલા કાર ચાલકે પોલીસ કર્મી સાથે જાહેરમાં ઝપાઝપી કરી હતી, જેના કારણે આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

જાહેરમાં પોલીસની ફરજમાં રુકાવટ નાખી હુમલો કરવાના આ કૃત્યને ગંભીરતાથી લઈને ભોગ બનનાર ટ્રાફિક પોલીસ કર્મી દ્વારા તુરંત ઉધના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

પોલીસે કાર ચાલક વિરુદ્ધ સરકારી કર્મચારી પર હુમલો અને ફરજમાં રુકાવટ લાવવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની ૧૭૨મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ભારતના સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજીની આજે ૧૭૨ મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા દ્વારા વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યાના હસ્તે એસ.વી.અંગ્રેજી મીડિયમ શાળાના વિદ્યાથીઓ- શિક્ષકોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રિટા મહેતા,નાયબ સચિવ સર્વે શ્રી હર્ષિલ પટેલ, શ્રી ચૌધરી સહિત ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ગાંધીનગરની એસ.વી.અંગ્રેજી મીડિયમના વિદ્યાથીઓ- શિક્ષકોએ શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજીનો પરિચય:

ધર્મપ્રેમી,પ્રામાણિક,ન્યાયી અને ખુદાની બંદગી કરનાર શ્રી તૈયબજીનો જન્મ તા.૦૧ ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરામાં થયો હતો. તેઓએ વર્ષ ૧૮૭૯-૧૯૧૩ દરમિયાન ૩૪ વર્ષ સુધી મહારાજા સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજ્યમાં ન્યાય ખાતામાં સેવા આપી તેમજ સયાજીરાવ ગાયકવાડના અંગત મિત્ર બન્યા. વર્ષ ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ સમિતિમાં ગાંધીજી દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૨૧માં 'ટિળક સ્વરાજ ફાળો' ઉઘરાવવામાં ખેડા જિલ્લાના રૂા. ૯૦ હજારના ફાળાની સામે રૂા.૧.૧૫ લાખનો ફાળો એકઠો કર્યો હતો. વર્ષ ૧૯૨૮ની 'ના-કર'ની લડતમાં સક્રિય થવાથી ધારાસણા સત્યાગ્રહમાં ધરપકડ થતાં છ માસની જેલ પણ થઈ હતી. શ્રી તૈયબજીનું તા.૦૯ મે ૧૯૩૬ના રોજ વડોદરા ખાતે અવસાન થયું હતું.

- જનક દેસાઈ

# રાજયમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને સજીયાવદર ખાતે ગ્રામપંચાયત ભવન ઈ-ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ગરીમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાના ગ્રામિણ વિકાસ માટે એક ઐતિહાસિક દિવસ રહ્યો હતો. જિલ્લાની કુલ ૧૯૪ ગ્રામ પંચાયતોના નવનિર્મિત મકાનોના નિર્માણ માટે ઈ-ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો. અમરેલીના સજીયાવદર ખાતે આયોજીત કાર્યક્રમમાં ઉર્જા અને કાયદા રાજય મંત્રી કૌશિક વેકરીયાએ અધ્યક્ષસ્થાન શોભાવ્યુ હતું. રાજયમંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યુ હતુ કે રૂપીયા ૪૮ કરોડથી વધુના માતબર ખર્ચે તૈયાર થનારા આ આધુનિક પંચાયત ભવનો, ગ્રામ સ્વરાજયની સંકલ્પનાને ખરા અર્થમાં ચરીતાર્થ કરશે. આ નવા મકાનોથી ગ્રામ્ય વહિવટમાં પારદર્શિતા આવશે અને નાગરીકોને તમામ સરકારી સેવાઓ એક જ સ્થળે સુવિધાજનક રીતે મળી રહેશે. મંત્રીએ અમરેલી વિધાનસભા મતવિસ્તાર માટે વિકાસના અન્ય મહત્વના લક્ષ્યાંકો પણ જાહેર કર્યા હતા. જેમાં મતવિસ્તારના તમામ ગામડાઓમાં શાળાના નવા ભવનોની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજય અને પંચાયત હસ્તકના તમામ રોડ રસ્તાઓના કામ ચોમાસા અગાઉ પુર્ણ કરવાની નેમ રખાઈ છે. વધુમાં મંત્રીએ કહ્યુ હતુ કે તમામ આંગણવાડીઓને મોડેલ આંગણવાડી તરીકે વિકસાવવાનુ આયોજન છે. ખેડુતોના હિતમાં રાજય સરકારની કામગીરી પર પ્રકાશ પાડતા મંત્રીએ કહ્યુ હતુ કે ખેડુતોને કમોસમી વરસાદની નુકશાની પેટે સહાય અને તાજેતરમાં જાહેર કરાયેલા રૂપીયા ૧૦ હજાર કરોડના કૃષિ રાહત પેકેજના નાણાં સીધા ખાતામાં જમા કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત રૂપીયા ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખરીદી દ્વારા સરકારે કૃષિકારોને મોટી આર્થિક હુંફ આપી છે. સજીયાવદર ખાતે ઈ ખાતમુહુર્ત કાર્યક્રમ અગાઉ મંત્રીએ લાપાળીયા અને ચાંપાથળ ગામે પણ નવીન પંચાયત ભવનના ખાતમુહુર્ત કર્યા હતા.

શંકાના વમળમાં અંધ બનેલો પતિ બન્યો હેવાન!

# પત્ની પર કુહાડીથી હુમલો, કાળજું કંપાવી દે તેવી ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)અરવલ્લી,

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નવાગામ (કસાણા) માં કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે.

શંકાના વમળમાં અંધ બનેલા પતિએ પોતાની જ પત્ની પર કુહાડી વડે નિર્દયતાપૂર્વક હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી છે.

સમગ્ર ઘટના ની વાત કરવામાં આવે તો નવાગામમાં રહેતા દંપતી વચ્ચે અન્ય સ્ત્રી સાથેના આડા સંબંધના આક્ષેપને લઈ વિવાદ સર્જાયો હતો. પત્ની દ્વારા કરવામાં આવેલા આક્ષેપોથી ઉશ્કેરાયેલા પતિએ આવેશમાં આવી ઘરમાં પડેલી કુહાડી વડે પત્ની પર હુમલો કરી દીધો હતો.

જ્યાં ૪૬ વર્ષીય રમીલાબેન ને .હુમલાને કારણે રમીલાબેનના બંને પગમાં ગંભીર ફ્રેક્ચર થયા છે. જ્યારે પતિ પત્નીને જીવથી મારી નાખવાના ઈરાદે પ્રહાર કરી રહ્યો હતો, ત્યારે સાસુએ વચ્ચે પડીને પોતાની વહુનો જીવ બચાવ્યો હતો. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં રમીલાબેનને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ ઈસરી સીએસસી ખાતે લઈ જવામાં આવ્યા હતા.

જોકે, તેમની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે મોડાસા ખાતે ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ, પત્નીને અધમૂઈ કરી નાખ્યા બાદ આરોપી પતિ જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી ફરાર થઈ ગયો છે.આ સમગ્ર મામલે ઈસરી પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુના હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ ફરાર પતિને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

**પશ્ચિમ રેલ્વે- રતલામ**

**શુધ્ધિપત્ર**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર પશ્ચિમ રેલ્વે, રતલામના ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશનના, નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: ટેન્ડર નંબર: EL/TRD/58/2x25/EPC-PSI/01. તારીખ: 29.01.2026. કામનું નામ: પશ્ચિમ રેલ્વેના રતલામ વિભાગના ગોધરા-રતલામ વિભાગ વચ્ચે 2x25KV ફીડિંગ સિસ્ટમ માટે 132/55KV સ્કોટ કનેક્ટેડ ટ્રેક્શન સબસ્ટેશન અને સ્વિચિંગ પોસ્ટ્સની ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત ₹ 146,06,00,000/-. અર્નેસ્ટ મની ડિપોઝિટ/બિડ સિક્યોરિટી: ₹ 74,53,000/- પૂર્ણતા સમયગાળો: 24 મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમત: નથી.. બંધ થવાની તારીખ અને સમય: તા.02/03/2026 ના બદલે તા. 16/02/2026 ના 15:00 કલાક સુધી. ટેકનિકલ બિડ્સ ખોલવાની તારીખ: 13/03/2026 ના બદલે તા. 27/02/2026 ના 15:30 કલાક સુધી. ઓફરની માન્યતા: 180 દિવસ ખુલવાની તારીખથી . વેબસાઇટ વિગતો: www.ireps.gov.in. નોટિસ બોર્ડ સ્થાન: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) ઓફિસની સામે, પશ્ચિમ રેલ્વે, રતલામ-457001.

SNP-435

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# હિંમતનગર સર્વોદય નાગરીક સહકારી બેંકમાં શાંતિપૂર્ણ રીતે યોજાયુ મતદાન

### ૩ મહિલા ઉમેદવારોમાંથી ૧નું ફોર્મ રદ થતા ૨ બિનહરીફ જાહેર: ૪ વાગ્યા સુધીમાં ૩૫ થી ૪૦ ટકા યોજાયુ મતદાન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરની સર્વાદય નાગરીક સહકારી બેંકમાં ૯ સામાન્ય વિભાગ અને ૧ અનુસુચિત જનજાતિની ડીરેકટર પદ માટેની જગ્યા ખાલી પડી હતી. જેને લઈ આ ૧૦ ડીરેકટર પદ ઉમેદવારો માટે ની ચુંટણી યોજાઈ હતી.






લોકમુખે ચર્ચાયેલ મુજબ ૧ સામાન્ય વિભાગના ઉમેદવારની જીદને કારણે આ ચુંટણી યોજાઈ હતી. બેંકમાં કુલ ૧૮ ઉમેદવારોએ ડીરેકટર પદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. જેમાં સામાન્ય વિભાગમાં ૧૨ માં થી ૨ ઉમેદવારોએ જે તે સમયે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી લેતા ૧૦ ડીરેકટર પદ માટે ના ઉમેદવારોની ચુંટણી યોજાઈ હતી. જયારે ૩ મહિલા ઉમેદવારોમાંથી ૧ નુ ફોર્મ રદ થતા ૨ મહિલાઓને બિનહરીફ જાહેર કરાઈ હતી. જેમાં શહેબાજબેન ડોઈ અને જાકેરાબેન રણાસીયા ને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે અન્ય ૩ અનુસુચિત જાતિના ઉમેદવારોએ ચુંટણી જંગમાં ઝંપલાવ્યુ હતું. આ અંગે ચુંટણી અધિકારી અલ્તાફભાઈ સાબુગરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે બેંકમાં ગઈ તારીખ ૩૧/૩/૨૦૨૪ સુધીના કુલ ૮૬૯૭ સભાસદોને મતદાન કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો, જયારે અન્ય ૪૦૦ થી ૫૦૦ નવા સભાસદોને મતદાન કરવા માટે છુટછાટ આપવામાં આવી ન હતી. વધુમાં ચુંટણી અધિકારીએ જણાવ્યુ હતુ કે અંદાજે ૯ હજાર જેટલા સભાસદોમાંથી માત્ર ૮૬૯૭ સભાસદો મતદાન કરી શકશે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ચુંટણીની કામગીરી માટે ૬૦ જેટલા સ્ટાફની મદદ લેવામાં આવી છે જેમાં નિવૃત્ત થયેલ તેમજ ચાલુ ફરજ ઉપર રહેલા સ્ટાફની મદદ લેવામાં આવી છે.

બેંકની ચુંટણીમાં સવાર થી જ મદ્રેસા હાઈસ્કુલના પટાંગણમાં ઉમેદવારોના ટેકેદારો પ્રચાર કરતા નજરે પડયા હતા. બેંકમાં સૌથી વધુ વ્હોરા સમાજના સભાસદો હોવાને કારણે સમાજના સગા સંબંધીઓ પોતાનો ઉમેદવાર જીતે તે માટે એડીચોટીનુ જોર લગાડતા નજરે પડયા હતા.ચુંટણી અધિકારીએ વધુમાં કહ્યુ હતુ કે સાંજે ૪ વાગ્યા સુધીમાં કુલ ૩૩૬૦ સભાસદોએ મતદાન કર્યુ હતું.

# હવે કોળી સમાજનુ પોતાનુ બંધારણ બનશે: હિરા સોલંકીએ બગદાણા વિવાદને લઈ કરી જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર અને અમદાવાદમાં સામાજિક ગતિવિધીઓ તેજ બની છે. ગુજરાતમાં સામાજિક સમીકરણોમાં અત્યંત મહત્વનુ સ્થાન ધરાવતા કોળી સમાજ માટે બંધારણની જાહેરાત કરવામાં આવી છે. અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત પ્રદેશની કારોબારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ હિરાભાઈ સોલંકીએ સમાજની એકતા અને ભવિષ્યની રણનીતીને લઈને મહત્વપૂર્ણ નિવેદનો આપ્યા હતા. જેની ચર્ચા સમગ્ર રાજયમાં શરૂ થઈ છે.



તાજેતરમાં થયેલા બગદાણા વિવાદને યાદ કરતા હિરાભાઈ સોલંકીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે આ લડાઈ વ્યકિતગત નહી પણ ન્યાય અને અન્યાય વચ્ચેની હતી. તેમણે કારોબારીને સંબોધતા જણાવ્યુ હતુ કે બગદાણા પ્રકરણમાં કોળી સમાજે જે એકતા દેખાડી છે તે અભુતપૂર્વ હતી. આ જીતનો તમામ જશ હું સમગ્ર કોળી સમાજને આપુ છું. આ લડાઈ મારી કે પરશોત્તમભાઈની ન હતી. નવનીતભાઈ તો માત્ર નિમિત બન્યા હતા. પરંતુ લડાઈ સિધ્ધાંતોની હતી. ભવિષ્યમાં પણ જો સમાજ પર કોઈ અન્યાય થાય તો આવી જ એકતા બતાવવા તેમણે વિનંતી કરી હતી. આ સંવેદનશીલ મામલે નિષ્પક્ષ તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ની રચના કરવા બદલ તેમણે ગુજરાત સરકારનો આભાર માન્યો હતો. સમાજ સુધારણાની દિશામાં એક મોટુ પગલુ ભરતા હિરાભાઈએ જાહેરાત કરી હતી કે ઠાકોર સમાજની જેમ હવે કોળી સમાજ પણ પોતાનુ આગવુ બંધારણ બનાવશે. આ બંધારણ બનાવવા માટે આગેવાનો હવે ગામડે ગામડે જશે અને વડીલો તેમજ લોકોના અભિપ્રાયો લેશે જેથી સર્વસંમતિ સાધી શકાય,

નિયમો અંગે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે સમાજના હીત માટે કદાચ અમારે કડવુ થવુ પડે તો અમે થઈશુ, બંધારણના અમુક કડક નિયમો કદાચ કોઈને શરૂઆતમાં ન ગમે પણ તેનો ફાયદો લાંબાગાળે આખી પેઢીને મળશે. તેમણે ૧૯૯૮ માં શરૂ કરેલા સમહુલગ્નના ઉદાહરણ દ્વારા સમજાવ્યુ કે તેના પરીણામે આજે ૪૨ પૈકી ૪૯ ગામોમાં સમુહલગ્ન યોજાઈ રહ્યા છે. જે સમાજમાં આવેલુ મોટુ પરીવર્તન છે. પોતાના મોટાભાઈ અને દિગ્ગજ નેતા પરશોત્તમ સોલંકીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે અમે બંને ભાઈઓ જે કંઈ પણ છીએ તે કોળી સમાજને આભારી છીએ. જો કે સોશીયલ મીડીયા પર સમાજના લોકો દ્વારા થતી ટીકાઓ અંગે તેમણે લાલબત્તી ધરી હતી અને ટીકાકારોને રોકડુ પરખાવ્યુ હતું. તેમણે શાયરાના અંદાજમાં કહ્યુ હતુ કે તેરા વકત અચ્છા હૈ, હમસે કિનારા કર લે, હમ તો બુરે લોગ હૈ, બુરે વકત મેં કામ આતે હૈ, તેમણે યુવાનોને ખાસ અપીલ કરી હતી કે આગેવાનોથી કદાચ કોઈ ભુલ થાય તો પણ જાહેરમાં કડવુ બોલવાને બદલે એકતા જાળવી રાખવી જોઈએ. કારણ કે સમાજની એકતા જ આપણી સાચી તાકાત છે.

# વડોદરાના ધારાસભ્ય કેયુર રોકડીયા બન્યા રોષ નો ભોગ: સીનીયર સીટીઝનોએ કર્યો ધારાસભ્યોનો ઘેરાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં સ્થાનિક ધારાસભ્યો ના સરકારમાં કામો થતા નથી તેની વચ્ચે આજે સ્થાનિક ધારાસભ્ય કેયુર રોકડીયા જાહેર રોષનો ભોગ બન્યા હતા. સીનીયર સીનીઝનોએ તેમને ઘેરીને તેમની સામે વિરોધ નોંધાવ્યો હતો.




ધારાસભ્ય કેયુર રોકડીયા શહેરમાં બસો શરૂ થવાના કાર્યક્રમમાં હાજરી આપવા માટે પહોચ્યા હતા. પરંતુ કાર્યક્રમ દરમિયાન માત્ર એક જ બસ શરૂ કરવામાં આવતા લોકોમાં અસંતોષ ફાટી નિકળ્યો હતો. અને લોકોએ તેમને ઘેરી લીધા હતા. ખાસ કરીને ઉત્તર ગુજરાત જતી બસોની સંખ્યામાં વધારો કરવામાં આવે તેવી માંગ સાથે સીનીયર સીટીઝનોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. પરીસ્થિતિ તંગ બનતા ધારાસભ્ય કેયુર રોકડીયાએ બે હાથ જોડીને લોકો પાસે માફી માંગી હતી. તેમણે જણાવ્યુ હતુ કે તેમના કાર્યકાળને હજુ માત્ર ૩ વરસનો જ સમય થયો છે. અને તમામ સમસ્યાઓ એક સાથે ઉકેલવી શકય નથી. વિરોધ બાદ ધારાસભ્યએ નિવેદન આપ્યુ હતું. જેમાં તેમણે સીનીયર સીટીઝનોની બસ સંબંધી માંગણીઓ અંગે આગામી સમયમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી. તેમણે ટ્રાફીકની સમસ્યા, બસોના સમયપત્રક અને વિવિધ રૂટ અંગે ચર્ચા કરીને વધુ બસો શરૂ કરવાની પણ વાત કરી હતી.

# દિકરીના લગ્નના ૪ દિવસ પહેલા જ પરીવાર પર આભ તુટી પડયુ: બિલ્ડર પિતાએ કર્યો આપઘાત

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીએ ગઈ કાલે મોડી રાત્રે પોતાના નિવસસ્થાને લાયસન્સ વાળી રીવોલ્વર થી ગોળી મારી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. દિકરીના લગ્નની તૈયારીઓ વચ્ચે બનેલી આ ઘટનાથી પરીવાર અને બિલ્ડર લોબીમાં ભારે શોક અને સન્નાટો વ્યાપી ઉઠયો છે.

સુરતમાં જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. બિલ્ડર તુષાર ઘેલાણીએ ગઈ કાલે મોડી રાત્રે પોતાના નિવાસસ્થાને ગોળી મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને પગલે પરીવાર સહિત બિલ્ડર લોબીમાં શોકનો માહોલ ફેલાયો છે. દુ:ખદ વાત એ છે કે દિકરીના લગ્ન પહેલા જ પરીવાર પર આભ તુટી પડયુ છે. ગઈ કાલે મોડી રાત્રે આશરે ૨ વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. તુષાર ઘેલાણીએ પોતાના ઘરમાં જ પોતાની લાયસન્સ વાળી રીવોલ્વરથી માથાના ભાગે એક રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. ગોળીનો અવાજ સાંભળતા જ ઘરમાં સુતેલા પરીવારના સભ્યો તરતજ દોડી આવ્યા હતા. લોહી લુહાણ હાલતમાં તેમને જોતા જ સ્તબ્ધ થઈ ગયા હતા. આ ઘટના બાદ તુષાર ઘેલાણીને તાત્કાલીક ગંભીર હાલતમાં ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત નાજુક હોવાનુ જાણવા મળ્યુ હતું.




તુષાર ઘેલાણીની પુત્રીના લગ્ન આગામી ૫ ફેબ્રુઆરીના રોજ હતા. આખુ ઘર અને પરીવાર લગ્નની ધામધુમ પૂર્વક તૈયારીઓમાં વ્યસ્ત હતુ ત્યારે અચાનક બનેલી આ ઘટનાથી ખુશીનો માહોલ ભારે શોકમાં ફેરવાઈ ગયો છે. આ ઘટનાની જાણ થતા જ ઉમરા પોલીસ નો કાફલો હોસ્પીટલ પહોચી ગયો હતો. પોલીસે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અત્યાર સુધી આપઘાતનો પ્રયાસ કરવા પાછળનુ કારણ અકબંધ છે. પોલીસ તમામ આપઘાતના પ્રયાસોનુ કારણ બહાર લાવશે. પોલીસ હાલ પરીવાર અને નજીકના લોકોની પુછપરછ કરી રહી છે. પોલીસ તપાસ બાદ જ આપઘાતના પ્રયાસ પાછળનુ સાચુ કારણ બહાર આવશે.

# ગાંધીનગરમાં તંત્રની ઘોર બેદરકારી: સેકટર ૧૨માં ૭ ફુટ ઉંડી ગટરમાં ખાબકી ૩ વરસની માસુમ બાળકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ગંભીર બેદરકારીના કારણે સેકટર ૧૨ માં એક મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ છે. સેકટર ૧૨ માં આવેલા વિશ્વકર્મા મંદિર નજીક રોડ પર ખુલ્લી રહેલી ગટરમાં એક ૩ વરસની માસુમ બાળકી અચાનક ખાબકી હતી. આ ગટર આશરે ૭ ફુટ જેટલી ઉંડી હોવાથી બાળકી અંદર પટકાતા જ ચીસાચીસ કરી મુકી હતી. સદ નસીબે આજુબાજુના લોકો તાત્કાલીક મદદે દોડી આવ્યા હતા અને સમય સુચકતા વાપરીને ગટરમાં ઉતરી બાળકીને સહી સલામત બહાર કાઢી હતી.



સ્થાનિક રહીશોનો આક્ષેપ હતો કે વિસ્તારમાં અનેક જગ્યાએ ગટરના ઢાંકણા તુટેલા છે અથવા ખુલ્લા છે, જે અંગે વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નકકર કામગીરી કરવામાં આવતી નથી. જો નાગરીકો સમયસર ન પહોચ્યા હોત તો બાળકીનો જીવ જઈ શકયો હોત, પાટનગરના હાર્દ સમાન વિસ્તારમાં જયારે આવી બેદરકારી જોવા મળે ત્યારે સ્માર્ટ સીટીના દાવાઓ સામે અનેક સવાલો ઉભા થયા છે. તંત્ર હજુ કોઈ મોટી જાનહાની ની રાહ જોઈ રહ્યુ છે કે શું ? તેવો સવાલ ઉઠાવીને લોકો હવે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાની માંગ કરી રહ્યા છે.

### કલેકટર તંત્ર ની જમીન ખાલી કરવાની નોટીસો સામે દબાણકારો હાઈકોર્ટ માં પહોચ્યા

# રાજકોટના જંગલેશ્વર માં ડીમોલેશનને હાઈકોર્ટનો રૂક જાવ નો આદેશ: આજે થશે સુનાવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના આજી વસાહત પાસે આજી નદીના કાંઠે આવેલ જંગલેશ્વર સહિતની ૫ સોસાયટીના ૧૩૫૮ જેટલા દબાણકારોને સરકારી જમીન ખાલી કરવા કલેકટર તંત્ર દ્વારા આપવામાં આવેલી અંતિમ નોટીસોને રહેવાસીઓએ હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટે સોમવાર એટલે કે આજ દીન સુધી ડીમોલીશનની કામગીરી નહી કરવા હુકમ કરેલ છે. અને વિશેષ સુનાવણી સોમવારે આજે મુકરર કરી છે,



જંગલેશ્વર ના ૧૫ જેટલા રહેવાસીઓએ હાઈકોર્ટમાં રીટ કરી ડીમોલીશન અટકાવવા માંગણી કરી હતી. જેના પગલે રાજકોટ મામલતદાર અને સરકારને નોટીસ આપી હતી. ગઈ કાલે મામલતદાર અને સરકારના વકીલો હાઈકોર્ટ માં હાજર થયા હતા. જેમાં દલીલો દરમિયાન હાઈકોર્ટે જણાવ્યુ હતુ કે કલેકટર દ્વારા આપવામાં આવેલી કલમ ૨૦૨ હેઠળની નોટીસમાં સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનનુ સ્પષ્ટ ઉલ્લંઘન જણાય છે. કલમ ૨૦૨ ની નોટીસ બાદ સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ કલેકટર દ્વારા સમય મર્યાદા અપાઈ ન હોવાનુ તારણ કોર્ટે કાઢયુ હતું. આ બાબતે સરકારી વકીલને પુછતા તેમણે હાઈકોર્ટ ને જણાવ્યુ હતુ કે સરકાર પાસેથી આ મામલામાં હજુ સુચના લેવાની બાકી છે. જયારે રાજકોટના મામલતદાર નિલેશ અજમેરાએ પણ વકીલ સાથે હાજર થયા હતા અને તેમણે પણ જણાવ્યુ હતુ કે અમે ડીમોલીશન અંગે સરકારની સુચના માંગી છે. જેના પગલે હાઈકોર્ટ આજે સોમવાર સુધી કોઈ પગલા નહી ભરવા હુકમ કરી સોમવારે એટલે કે આજે આ કેસને અગ્રતાના ધોરણે ચલાવવાની સુચના આપી હતી.

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં તંત્ર દ્વારા આપવામાં આવેલી ડીમોલીશનની નોટીસ બાદ મામલો હવે કાયદાકીય જંગમાં ફેરવાયો છે. અસરગ્રસ્ત રહેવાસીઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવતા આ મામલે મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે રહેવાસીઓને મોટી રાહત આપવા આગામી ૨ ફેબ્રુઆરી સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવા અને યથાવત સ્થિતિ જાળવી રાખવા આદેશ કર્યો હતો. સુનાવણી દરમિયાન જસ્ટીસ વૈભવી ડી નાણાંવટીની કોર્ટમાં મામલતદાર અને વહિવટી તંત્ર વતી હાજર રહેલા સરકારી વકીલે દલીલ કરી હતી કે હાલ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના કઠોર કે પ્રતિકુળ પગલા લેવામાં આવ્યા નથી. સરકાર પક્ષે વધુ સુચનાઓ મેળવવા માટે સમયની માંગણી કરી હતી. દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે સોમવાર સુધી ડીમોલીશન નહી કરવા સુચના આપી છે.

આગામી સુનાવણી એટલે કે ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી અરજદારો સામે કોઈ જ પ્રતિકુળ પગલા લેવા હુકમ કર્યો છે. સોમવારે આ કેસને લીસ્ટમાં ઉપર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જેથી તુરંત નિર્ણય લઈ શકાય. કોર્ટે ડાયરેકટ સર્વિસની મંજુરી આપી છે. જેથી તંત્ર આ આદેશનુ ઉલ્લંઘન ન કરી શકે.

એક તરફ હાઈકોર્ટમાં કાનુની લડાઈ ચાલી રહે છે તો બીજી તરફ જંગલેશ્વર ડીમોલેશન મુદ્દે રાજકીય માહોલ પણ ગરમાયો છે. આમ આદમી પાર્ટીના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ સ્થાનિકો સાથે મળીને કલેકટર પહોચી રજુઆત કરી હતી. આમ આદમી પાર્ટીનુ કહેવુ છે કે ડીમોલેશન માટે આપવામાં આવેલી નોટીસનો સમયગાળો અત્યંત ટુંકો છે અને સમય મર્યાદામાં વધારો કરવામાં આવવો જોઈએ. છેલ્લા ૫૦ થી ૬૦ વરસથી જંગલેશ્વર વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ અને મધ્યમવર્ગીય પરીવારોને વૈકલ્પિક આવાસ આપ્યા વિના ડીમોલીશન કરવુ યોગ્ય નથી. રીવરફ્રન્ટ પ્રોજેકટના નામે, ગરીબોના ઘર તોડવાને બદલે તેમને ફલેટ જેવી પુનર્વસન સુવિધા આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

# બોટાદ કડદા આંદોલન મામલે જામીન મળતા રાજુ કરપડા અને પ્રવિણ રામ આવ્યા જેલ બહાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બોટાદ કડદા કાંડ બાદ છેલ્લા અંદાજે ૧૦૦ દિવસ એટલે કે પોણા ચાર મહિના જેટલો સમય જેલમાં વિતાવ્યા બાદ આજે રાજુ કરપડા અને પ્રવિણ રામ જેલ બહાર આવ્યા છે. ગઈ કાલે ૭ લોકોના બોટાદ સેશન્સ કોર્ટ દ્વારા જામીન મંજુર કરવામાં આવ્યા હતા જેમાં આમ આદમી પાર્ટીના નેતાઓ રાજુ કરપડા અને પ્રવિણ રામના પણ જામીન મંજુર કરવામાં આવ્યા હતા. અને આજે તેની કાર્યવાહી પુરી કરી અને બંને નેતાઓ જેલ બહાર આવ્યા છે. ત્યારે બહાર આવતાની સાથે જ રાજુ કરપડા સહિત ગોપાલ ઈટાલીયા સહિતના આમ આદમી પાર્ટીના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને આ પ્રેસ કોન્ફરન્સ માં રાજુ કરપડાએ કહ્યુ હતુ કે જે રીતે મને જનતાએ હિંમત આપી, મારી અને મારા પરીવારની સાથે રહ્યા, અમારૂ મનોબળ તુટવા ન દીધુ તેના માટે બધાનો આભાર. સાથે જ જે રીતે પહેલા ખેડુતો માટે લડયા તે રીતે આગામી સમયમાં પણ ખેડુતો માટે લડતા રહીશું.




# વાવ થરાદ જિલ્લાને મળશે ઈન્ટરનેશનલ એરપોર્ટ : એરપોર્ટને લઈ ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે વૈશ્વિક નકશા પર ચમકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર ગણાતા થરાદ અને વાવ પંથકના વિકાસને લઈને અધ્યક્ષે મહત્વની જાહેરાત કરી છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ એક જાહેર મંચ પરથી થરાદમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવાની જાહેરાત કરી છે.

આ પ્રોજેકટ આગામી સમયમાં આ પંથકની ભુગોળ અને અર્થતંત્ર બંને બદલી નાખશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

વિકાસને મળશે નવી પાંખો, શંકર ચૌધરીએ વધુમાં જણાવ્યુ હતુ કે થરાદ માં જો ઈન્ટરનેશનલ એરપોર્ટ બને તો તેની સીધી અસર માત્ર બનાસકાંઠા જ નહી પરંતુ પડોશી રાજય રાજસ્થાન અને કચ્છના વિસ્તારો પર પણ પડશે. આ એરપોર્ટ આવવાથી વેપાર ઉદ્યોગ અને ખેતીના ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં પહોચાડવામાં સરળતા રહેશે. ખાસ કરીને દાડમ અને અન્ય ખેતી પાકોના નિકાસ માટે આ એરપોર્ટ આશીર્વાદરૂપ સાબિત થશે. ભૌગોલિક દ્રષ્ટીએ થરાદ એ રાજસ્થાન અને કચ્છની સરહદની નજીક આવેલુ છે. એરપોર્ટ બનવાથી રાજસ્થાનના જેસલમેર, બાડમેર અને કચ્છના રાપર અને ભચાઉ વિસ્તારના લોકોને આંતરરાષ્ટ્રીય સ્તરની કનેકટીવીટી મળશે. આ પ્રોજેકટના કારણે આ વિસ્તારમાં રોજગારીની નવી તકો ઉભી થશે અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે ક્રાંતિ આવશે.

વિધાનસભાના અધ્યક્ષે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે આવનારા સમયમાં થરાદ ખાતે ઈન્ટર નેશનલ એરપોર્ટ સાકાર થશે. જે વિકાસને બુસ્ટર ડોઝ આપવાનુ કામ કરશે. વાવ થરાદ વિસ્તાર જે અત્યાર સુધી પછાત ગણાતો હતો , તે હવે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે વૈશ્વિક નકશા પર ચમકશે. આ જાહેરાત બાદ સ્થાનિક લોકો અને વેપારીઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. હવે જોવાનુ એ રહેશે કે આ મહત્વકાંક્ષી પ્રોજેકટ પર કામ કયારે શરૂ થાય છે.

